**ધોરણ ૬ થી ૧૦ મા પ્રવેશ મેળવતી કન્યાઓને પ્રવેશ પ્રોત્સાહક સહાય બાબત.**

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃSCW/૧૦૧૪/ન.બા.૭૮/ગ
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ ૬/૮/૨૦૧૪

વંચાણે લીધાઃ-

(૧) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૧૦/૪/૨૦૧૨ નો ઠરાવ ક્રમાંક સશપ/૧૦૨૦૧૧/૧૨૬૨ ન.બા/અ૧

(૨) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતાનો તા:૧૫/૦૫/૨૦૧૪નો પત્ર ક્રમાંક: અજાક-ગ.૧/૫/૨૦૧૪-૧૫- ૬૭૪૬-૪૭.

ઠ રા વઃ-

અનુસૂચિત જાતિના બાળકો ગરીબ કુટુબોમાં આવતા હોવાથી તેઓ નબળી નાઁણાકિય પરિસ્થિતિને કારણે પ્રાથમિક કક્ષા સુધીનું શિક્ષણ મેળવવા ધણી મુશ્કેલીઓ અનુભવે છે. પરીણામે તેઓને કન્યાઓની અધવચ્ચેથી શિક્ષણ છોડવાની ફરજ પડે છે. પરિણામે તેઓનો શૈક્ષણિક વિકાસ રૂંધાય જાય છે. અને સરકારશ્રીનો આ જાતીઓ માટે શૈક્ષણિક વિકાસનો ધ્યેય સિધ્ધ થઈ શકતો નથી. આથી કન્યાઓને શિક્ષણમાં ઉતેજન મળે ડ્રોપ આઉટ ઘટે તે માટે શિષ્યવૃતિના દરમાં વધારો કરવો અનિવાર્ય છે.

અનુસૂચિત જાતિના ધોરણ ૫ થી ૮ની વિધાર્થીઓને રૂ.૨૫૦/- તેમજ ધોરણ ૯ થી ૧૦ની વિધાર્થીઓને રૂ.૪૦૦/- શિષ્યવૃતિ આપવાની યોજના વંચાણે લીધા ક્રમ (૧) ના ઠરાવથી હાલમાં અમલમાં છે. આ સહાય માં ધોરણ ૬ થી ૧૦ માં અભ્યાસ કરતી વિધાર્થીનીઓને રૂ.૭૫૦/- પ્રવેશ પ્રોત્સાહક સહાય આપવા માટેની નવી બાબતનો વર્ષ ૨૦૧૪-૧૫ના અંદાજ પત્રમાં સમાવેશ કરવા માટે નિયામકશ્રી (અજાક) ના વંચાણે લીધા ક્રમ (૨) ના પત્રથી દરખાસ્ત કરવામાં આવેલ છે. આ દરખાસ્તને મંજૂરી આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. આથી ધોરણ ૬ થી ૧૦ મા પ્રવેશ મેળવતી કન્યાઓને પ્રવેશ પ્રોત્સાહક સહાય બાબતની રૂ.૨,૬૪/- લાખની નવી બાબતને નીચેની શરતોને આધીન મંજૂરી આપવામાં આવી છે

શરતો :-

(૧) આ અંગેનો ખર્ચ જે તે વર્ષની બજેટ જોગવાઇ અને નાણા વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨) પ્રસ્તુત દરખાસ્ત સંદર્ભ પ્રર્વતમાન નિયમોને આધિન ચાલુ તથા જરૂરિયાત પ્રમાણે આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત બજેટ જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(૩) આ અંગેનુ ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતો વખતના લાગુ પડતા ઠરાવો / પરિપત્રો અને જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનો રહેશે.

(૪) આ મંજૂરી અન્વયે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનું પાલન કરવાનું રહેશે

(૫) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહિ. બચત રહેતી રકમ

વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૬) આ યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૭) પ્રવર્તમાન યોજનાના નોમર્સ અને સહાયની રકમોમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજ્ય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.

આ અંગેનુ ખર્ચ માંગણી નં.૯૫- અનુસૂચિત જાતિ પેટા યોજના, મુખ્ય સદર- ૨૨૨૫-અનુ સૂચિત જાતિ, આદિજાતિઓ અને અન્ય પછાતવર્ગોનુ કલ્યાણ ,પેટા મુખ્ય સદરઃ- ૦૧ અનુસૂચિત જાતિઓનું કલ્યાણ, ગૌણ સદર- ૨૭૭ શિક્ષણ, પેટા સદર- (૦૧) બીસીકે-૦૨ –ધોરણ ૬ થી ૧૦માં પ્રવેશ મેળવતી કન્યાઓને પ્રોત્સાહક સહાય અંગેના બજેટ હેડ હેઠળ કરેલ જોગવાઇમાંથી ખર્ચ કરવાનો રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણાં વિભાગની તા.૨૪-૬-૨૦૧૪ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

**ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,**

( દિપલ હડીયલ )
સેકશન અધિકારી,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.

પ્રતિ,
માન.મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
માન.મંત્રીશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
અગ્ર સચિવશ્રી, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર
કાર્યપાલક ઇજનેરશ્રી, માર્ગ અને મકાન જિ.સાબરકાંઠા
નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
એકાઉન્ટન્ટ જનરલ અમદાવાદ /રાજકોટ
નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર
નાણાં સલાહકારશ્રી(સા.ન્યા), સચિવાલય, ગાંધીનગર
જીલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીશ્રી, જિ.સાબરકાંઠા
જીલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી(પંચાયત) જિલ્લા પંચાયત, જિ.સાબરકાંઠા
જીલ્લા તિજોરી અધિકારીશ્રી, ભાવનગર
બજેટ શાખા, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય,ગાંધીનગર
કમ્પ્યુટર સેલ-શાખા, વિભાગની વેબસાઇટ પર મૂકવા વિનંતી સહ.
પસંદગી ફાઇલ.